IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ભરૂચ શહેરની શિક્ષક-પ્રશિક્ષણ કૉલેજના તાલીમાર્થીઓને પડતી

## સમસ્યાઓનો અભ્યાસ

**ધર્મેશભાઈ રામુભાઈ ચૌધરી**
**રિસર્ચ સ્કૉલર**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ.**

**સારાંશ :**

શિક્ષક-પ્રશિક્ષણ તાલીમને ગુણવત્તાલક્ષી બનાવવા માટે ઘણા પરિવર્તનો કરવામાં આવે છે અને એના કારણે તાલીમાર્થીઓને સમસ્યાઓનો સામનો કરવા પડે છે. આથી તાલીમાર્થીઓની પ્રવેશ સંબંધિત, આર્થિક સંબંધિત, ભૌતિક સંબંધિત, અધ્યાપનકાર્ય સંબંધિત, પાઠઆયોજન સંબંધિત, સહઅભ્યાસ પ્રવૃતિઓ સંબંધિત અને અભ્યાસક્રમ સંબંધિત સમસ્યાઓ જાણવા માટે અને તાલીમાર્થીઓને પડતી સમસ્યાઓ દૂર કરવાના ઉકેલો મેળવવાના હેતુઓ તૈયાર કર્યા હતા. કૉલેજના તજજ્ઞશ્રીઓ તાલીમાર્થીઓની સમસ્યાથી પરિચિત થાય, સંચાલકો ભૌતિક સુવિધાઓથી અવગત થાય તથા  તાલીમાર્થીઓને સમસ્યાથી અવગત થવા માટે મહત્વનું બનશે. સીમાંકન માટે ભરૂચ શહેરની શિક્ષક-પ્રશિક્ષણ કોલેજો અને નમૂના માટે ભરૂચ શહેરની શિક્ષક-પ્રશિક્ષણ કૉલેજની યાદ્રચ્છિક રીતે ૧૦૦ તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવશે. પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવા માટે વિભાગ-અ માં અભિપ્રાયાવલિ અને વિભાગ-બ માં મૂક્ત જવાબી પ્રશ્નાવલિનો ઉપયોગ કરી ગૂગલ ફોર્મ દ્વારા માહિતી એકત્રીકરણ કરવામાં આવી હતી. અને માહિતી પૃથક્કરણ માટે કાઈવર્ગ કસોટી અને આવૃતિ વિતરણ કરી તારણો મેળવ્યા હતા.

**ચાવીરૂપ શબ્દો :** શિક્ષક-પ્રશિક્ષણ કૉલેજ, તાલીમ, તાલીમાર્થીઓ અને સમસ્યાઓ.

## ❖ પ્રસ્તાવના :

શિક્ષક માટે તાલીમનો મુખ્ય આશય શિક્ષક તરીકેની વ્યાવસાયિક સજ્જતા વિકસાવવાનો છે. શિક્ષણક્ષેત્રે પ્રવર્તમાન સમયમાં ગુણવત્તાલક્ષી અને જીવનલક્ષી શિક્ષણ આપવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ત્યારે પૂર્વસેવાકાલીન તાલીમનું મહત્વ અનેકગણું વધી જાય છે. માટે તાલીમને ગુણવત્તાલક્ષી બનાવવા માટે ઘણા પરિવર્તનો કરવામાં આવે છે અને એના કારણે તાલીમાર્થીઓને સમસ્યાઓનો સામનો કરવા પડે છે.

ખાસ કરીને શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાઓના તાલીમાર્થીઓની સમસ્યાઓનું સ્વરૂપ વ્યાપક અને જટીલ છે. આજે શિક્ષણ ક્ષેત્રે ઘણી બધી સમસ્યાઓ પ્રર્વતે છે. તેમાં તાલીમાર્થીઓને તેમના અધ્યયન દરમ્યાન ઘણી બધી સમસ્યાઓ મુંઝવતી હોય છે. જેમાં અધ્યયન અધ્યાપનને લગતી સમસ્યાઓ, અભ્યાસક્રમને લગતી સમસ્યાઓ, પાઠ આયોજન તેમજ પ્રાયોગિક કાર્યને લગતી સમસ્યાઓ, પાઠ્યપુસ્તકના કઠીન એકમોના સંદર્ભની સમસ્યાઓ, પરીક્ષાઓ વગેરે... આવી ઘણી બધી પરીસ્થિતિનો તાલીમાર્થીએ એક સાથે સામનો કરવો પડતો હોય છે. આથી ભરૂચ શહેરની શિક્ષક-પ્રશિક્ષણ કૉલેજના તાલીમાર્થીઓને પડતી સમસ્યાઓ જાણવા માટે અને તેના ઉકેલો મેળવવા માટે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષક-પ્રશિક્ષણની તાલીમ મેળવતા તાલીમાર્થીઓને પ્રવેશ સંબંધિત, આર્થિક, ભૌતિક, અધ્યાપનકાર્ય, પાઠઆયોજન, સહઅભ્યાસિક પ્રવૃતિઓ સંબંધિત અને અભ્યાસક્રમ સંબંધિત સમસ્યાઓ જાણવાનો  પ્રયત્ન થયો હતો.

❖ **અભ્યાસના હેતુઓ :**

૧) શિક્ષક-પ્રશિક્ષણ કૉલેજોમાં તાલીમાર્થીઓને પડતી સમસ્યાઓ વિશે અભિપ્રાયો મેળવવા.

૨) શિક્ષક-પ્રશિક્ષણ કૉલેજોમાં તાલીમાર્થીઓને પડતી સમસ્યાઓ દૂર કરવાના ઉકેલો મેળવવા.

❖ **અભ્યાસના પ્રશ્નો :**

૧) શિક્ષક-પ્રશિક્ષણ કૉલેજોમાં તાલીમાર્થીઓને કઈ કઈ સમસ્યાઓ પડે છે?

૨) શિક્ષક-પ્રશિક્ષણ કૉલેજોમાં તાલીમાર્થીઓને પડતી સમસ્યાઓ દૂર કરવાના ઉકેલો કયા હોય શકે?

❖ **અભ્યાસનું મહત્વ :**

૧) કૉલેજોના તજજ્ઞશ્રીઓ તાલીમાર્થીઓની સમસ્યાથી અવગત થાય.

૨) કૉલેજોના સંચાલકો ભૌતિક સુવિધાઓથી અવગત થાય.

૩) તાલીમાર્થીઓ સમસ્યાથી અવગત થાય.

❖ **અભ્યાસનું સીમાંકન :**

- ભરૂચ શહેરની શિક્ષક-પ્રશિક્ષણ કૉલેજો પુરતો જ મર્યાદિત રહેશે.
- ભરૂચ શહેરની શિક્ષક-પ્રશિક્ષણ કૉલેજોના તાલીમાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવશે.
- ભરૂચ શહેરની શિક્ષક-પ્રશિક્ષણ કૉલેજોના ૧૦૦ તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવશે.

❖ **વ્યાપવિશ્વ અને નમૂનાં પસંદગી :**

પ્રસ્તુત અભ્યાસ માટે ભરૂચ શહેરની શિક્ષક-પ્રશિક્ષણ કૉલેજોના તાલીમાર્થીઓ વ્યાપવિશ્વ બનશે અને વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ ધરાવતાં નમૂનામાં ૧૦૦ તાલીમાર્થીઓનો યાદ્રચ્છિક નમૂના પસંદગી પદ્ધતિ વડે પસંદગી કરવામાં આવશે.

❖ **અભ્યાસની પદ્ધતિ :**

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધકે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિએ હાથ ધરાયું હતું, જેમાં સર્વેક્ષણ પર ભાર મુકવામાં આવ્યો હતો.

❖ **ઉપકરણની પસંદગી અને સંરચના :**

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષક-પ્રશિક્ષણ કૉલેજોના તાલીમાર્થીઓને પડતી સમસ્યાઓ જાણવાના હેતુસહ સ્વરચિત અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં વિભાગ-અ માં પ્રવેશ સંબંધિત, આર્થિક સંબંધિત, ભૌતિક સંબંધિત, અધ્યાપનકાર્ય સંબંધિત, પાઠઆયોજન સંબંધિત, સહઅભ્યાસ પ્રવૃતિઓ સંબંધિત, અભ્યાસક્રમ સંબંધિત. અને વિભાગ-બ માં બે મુક્ત જવાબી પ્રશ્નો મૂકવામાં આવ્યા હતા જેમાં પ્રથમ પ્રશ્ન સૌથી વિશેષ પડતી ત્રણ સમસ્યાઓ જાણવા સંબંધિત અને બીજો પ્રશ્ન આ સમસ્યાના ઉકેલ શા હોઈ શકે? તે અંગેના હતા.

❖ **માહિતી એકત્રીકરણની રીત :**

નિયત ઉપકરણની રચના બાદ વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ કૉલેજોના તાલીમાર્થીઓને ગૂગલ ફોર્મની લિંક વોટ્સએપ દ્વારા લિંક મોકલી આપવામાં આવી અને ફોર્મ ભરી આપવાની વિનંતી કરવામાં આવી હતી અભિપ્રાયો ઓનલાઈન ગૂગલ ફોર્મમાં મેળવ્યા હતા.

❖ **અંકશાસ્ત્રીય પૃથક્કરણની રીત :**

પ્રસ્તુત અભ્યાસમાં અભિપ્રાયાવલિ દ્વારા મેળવેલી માહિતીનું વિશ્લેષણ કરવા માટે કાઈવર્ગ ને આધારે અગ્રતાક્રમ આપી તારણોની પસંદગી કરવામાં આવી હતી.

મૂક્ત જવાબી પ્રશ્નોમાં સવિશેષ પડતી સમસ્યાઓ જાણવા અને સમસ્યાઓના ઉકેલ જાણવાના હતા ઉત્તરમાં એકસમાન પુનરાવર્તન થતી બાબતોની આવૃતિ વિતરણ કરી નોંધવામાં આવી હતી.

❖ **અભ્યાસના તારણો :**

શિક્ષક-પ્રશિક્ષણની તાલીમ અંતર્ગત તાલીમાર્થીઓની સમસ્યાઓ સંદર્ભે પ્રાપ્ત થયેલા અભિપ્રાયોના અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટન પર આધારિત મુખ્ય તારણો નીચે પ્રમાણે છે.

**પ્રવેશ સંબંધિત સમસ્યાઓ**

૧) તાલીમાર્થીઓને પસંદગીની કૉલેજોમાં પ્રવેશ મળતો ન હતો.

૨) પ્રવેશ મેળવવા માટે ઘણો લાંબો સમય વિતી જતો હતો.

**આર્થિક સંબંધિત સમસ્યાઓ**

૧) કૉલેજની ફી વધુ હતી.

૨) પુસ્તકો ખરીદી શકાતા ન હતા.

૩) શૈક્ષણિક સાધનો બનાવવાનો ખર્ચ વધુ થતો હતો.

**ભૌતિક સંબંધિત સમસ્યાઓ**

૧) કૉલેજોમાં શૈક્ષણિક સાધન સામગ્રીનો અભાવ હતો.

૨) વર્ગખંડમાં સ્માર્ટ બોર્ડનો અભાવ હતો.

૩) રમત ગમતના સાધનોનો અભાવ હતો.

**અધ્યાપનકાર્ય સંબંધિત સમસ્યાઓ**

૧) અધ્યાપકો મોટેભાગે શિક્ષણકાર્ય કથન પદ્ધતિથી કરતાં હતા.

૨) વર્ગ ખંડમાં દ્રશ્ય-શ્રાવ્ય સાધનોનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ થઇ શકતો ન હતો.

૩) વ્યાખ્યાનમાં વિષયાન્તર કરતાં હોવાથી અધ્યાપન કંટાળાજનક બનતું હતું.

**પાઠઆયોજન સંબંધિત સમસ્યાઓ**

૧) પાઠ માટે એકમ પસંદગી માટે શાળામાં જાતે જવું પડતું હતું.

૨) પાઠ આયોજનની કાચી નોંધ વારંવાર લખવામાં આવતી હતી.

૩) પાઠ આયોજનનું ભારણ હોવાથી માનસિક ચિંતા રહેતી હતી.

**સહઅભ્યાસિક પ્રવૃતિ સંબંધિત સમસ્યાઓ**

૧) સહઅભ્યાસિક પ્રવૃતિઓનું પ્રમાણ વધારે જોવા મળતી હતી.

૨) સહઅભ્યાસિક પ્રવૃતિઓમા ફરજિયાત ભાગ લેવું પડતું હતું.

૩) કાર્યક્રમની પૂર્વતૈયારી માટે વધુ સમય જતો હતો.

૪) સહઅભ્યાસિક પ્રવૃતિઓનું મહત્વ સમજાવવામાં આવતું ન હતું.

**અભ્યાસક્રમ સંબંધિત સમસ્યાઓ**

૧) અન્ય યુનિવર્સિટીઓના અભ્યાસક્રમ વચ્ચે એકસૂત્રતા ન હતી.

૨) અભ્યાસક્રમ લાંબો હતો.

૩) અભ્યાસક્રમ જૂની પરંપરાને આધિન જ રહ્યો હતો.

**મુક્ત જવાબી પ્રશ્નાવલિમાં પ્રાપ્ત થયેલા ઉત્તરો ના આધારે તારણો**

**તાલીમાર્થીઓને પડતી મુખ્ય સમસ્યાઓ**

- ➢ અભ્યાસક્રમનું ભારણ વધુ પડતું હતું.
- ➢ કૉલેજ આવવા-જવાનો ખર્ચ વધુ થાય છે.
- ➢ પાઠ આપતી વખતે વિદ્યાર્થીઓનો પૂરતો સહયોગ મળતો ન હતો.

**તાલીમાર્થીઓને પડતી સમસ્યાઓના ઉકેલો**

- ➢ અભ્યાસક્રમનું ભારણ ઓછું કરવું જોઈએ.
- ➢ કૉલેજના કેમ્પસમાં હોસ્ટેલની સુવિધાઓ કરવી જોઈએ.
- ➢ સારી શાળાઓમાં પાઠ આયોજન કરવા જોઈએ.

❖ **અભ્યાસના ફલિતાર્થો**

- ➢ પ્રવેશ પ્રક્રિયા લવચીક બનાવવી જોઈએ.
- ➢ પ્રવેશ પ્રક્રિયા બને તેમ ટુંકા ગાળામાં અને વ્યવસ્થિત બનાવવી જોઈએ.
- ➢ કૉલેજની ફી ગરીબ વિદ્યાર્થીને ધ્યાનમાં રાખીને રાખવું જોઈએ.
- ➢ ગ્રંથાલયમાં પુસ્તકોની સંખ્યા તાલીમાર્થીઓની સંખ્યા પ્રમાણે રાખવા જોઈએ.
- ➢ તાલીમાર્થીઓએ પોતાના શૈક્ષણિક સાધનોની બીજા તાલીમાર્થીઓની સાથે આપ-લે કરવા જોઈએ.
- ➢ કૉલેજોમાં શૈક્ષણિક સાધનો વસાવવા જોઈએ.
- ➢ વર્ગખંડમાં સ્માર્ટ બોર્ડનો ઉપયોગ કરવા જોઈએ.
- ➢ શિક્ષક-પ્રશિક્ષણ કૉલેજ માટે અલગ રમત ગમતનું મેદાન તૈયાર કરી સાધનોની વ્યવસ્થા કરવા જોઈએ.
- ➢ અધ્યાપકોએ શિક્ષણકાર્ય આગમન નિગમન પદ્ધતિથી અથવા તાલીમાર્થીઓની રુચિ પ્રમાણે પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.
- ➢ અધ્યાપકોએ શિક્ષણ કાર્ય દ્રશ્ય-શ્રાવ્ય સાધનો વડે અધ્યાપન કરાવવું જોઈએ.
- ➢ પાઠ આયોજન માટેનું ભારણ ઓછું કરવું જોઈએ.
- ➢ સહઅભ્યાસિક પ્રવૃતિઓ અભ્યાસક્રમને લગતી જ રાખવી જોઈએ.
- ➢ કાર્યક્રમની તૈયારી માટે અલગથી સમય ફાળવવો જોઈએ.
- ➢ સહઅભ્યાસિક પ્રવૃતિઓનું મહત્વ સમજાવવું જોઈએ.
- ➢ ગુજરાતની તમામ યુનિવર્સિટીઓએ એકસૂત્રતા રાખવી જોઈએ.
- ➢ શિક્ષક-પ્રશિક્ષણ કોલેજોનો અભ્યાસક્રમ સમય મર્યાદામાં પૂર્ણ થાય એટલો રાખવા જોઈએ.
- ➢ વર્તમાન સમયને અનુરૂપ અભ્યાસક્રમ રાખવા જોઈએ.

**સંદર્ભસૂચિ**

૧) પટેલ, આર.એસ.(૨૦૦૮). ***"શિક્ષણમાં સંશોધન."*** પાર્ટ-૧-૨ ૧૦૨-૧૦૩ કામધેનુ ફ્લેટ્સ, મહાદેવવાડી, ઓગણજ, અમદાવાદ.